# કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, આ.કૃ.યુ., ગોધરા ખાતે જીવન માંગલ્ય હાઇસ્કૂલ, કડાદરા, તા. મોરવા (હડફ), જી. પંચમહાલના વિદ્યાર્થીઓની મુલાકાત

આણંદ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરાની જીવન માંગલ્ય હાઇસ્કૂલ, કડાદરા, તા. મોરવા (હડફ), જી. પંચમહાલના ધો. ૯ થી ૧૦માં અભ્યાસ કરતાં કુલ ૭૮ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકો દ્વારા તા. ૧૩/૧૨/૨૦૨૪, શુક્રવારના રોજ વિદ્યાર્થીઓના વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત એક્સપોઝર માટે મુલાકાત લીધેલ હતી. સદર મુલાકાત અત્રેની કોલજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. સદર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને અત્રેની કોલેજના ફાર્મ મશીનરી એન્ડ પાવર એન્જીનિયરીંગ વિભાગ, બેસિક એન્જીનિયરીંગ એન્ડ એપ્લાયીડ સાયન્સીસ વિભાગ, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનિયરીંગ વિભાગ, રીન્યુએબલ એનર્જી એન્જીનિયરીંગ વિભાગ, સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનિયરીંગ વિભાગ, ઈરીગેશન અને ડ્રેનેજ એન્જીનિયરીંગ વિભાગની મુલાકાત લીધેલ હતી. જેમાં વિભાગની વિવિધ લેબોરેટરી, ફિલ્ડ લેબોરેટરી, સોઈલ કન્ઝર્વેશન મોડલ/સ્ટ્રકચર, ફૂડ પ્રોસેસિંગને લગતી અદ્યતન મશીનરી/સાધનો, ગ્રીન હાઉસ/નેટ હાઉસ, ઈમ્પ્લીમેન્ટ શેડ, વર્કશોપ વગેરે તેમજ વિભાગની વિવિધ કામગીરી અને સુવિધાઓ વિષે માહિતગાર કરવામાં આવેલ હતા. સદર મુલાકાત દરમ્યાન અત્રેની કોલેજના તમામ વિભાગીય વડાશ્રીઓ તેમજ જે તે વિભાગના અધિકારી/કર્મચારીઓએ વિદ્યાર્થીઓની કોલેજની મુલાકાત માટે સરાહનીય યોગદાન આપેલ. સદર મુલાકાતનું સંચાલન ડો. એમ. કે. તિવારી, સહ પ્રાદ્યાપક અને વિભાગીય વડા, સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનિયરીંગ વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું.


vivo Y33s

vivo Y33s

vivo Y33s

vivo Y33s

vivo Y33s

vivo Y33s


vivo Y33s




vivo Y33s


vivo Y33s